**તાપમાન**
મહત્તમ : ૪૮.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૧૧ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૯ | ૨૦ મે, ૨૦૧૬, શુક્રવાર ; વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ગરમીએ સદીનો રેકર્ડ તોડ્યો

## ગાંધીનગર અગનગોળામાં લપેટાયુ : અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ગરમી : નગરજનો ગરમી પ્રકોપથી તોબા : જનજીવનમાં સન્નાટો : ગઈકાલે ગરમીનો પારો ૪૭ ડિગ્રીએ પહોંચ્યા બાદ વધુ એક ડીગ્રી તાપમાન વધતા ગરમીએ તમામ રેકર્ડ તોડી નાંખ્યા

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. આજે પણ મહત્તમ તાપમાન એક ડી ગ્રી વધતા સમગ્ર શહેર અગ્નગોળામાં લપેટાયુ હતુ. ગાંધીનગરમાં અત્યારસુધી ક્યારેય ગરમીનો પારો ૪૮ ડી ગ્રી સુધી પહોંચ્યો ન હતો. જયારે ગઈકાલે મહત્તમ તાપમાન ૪૭ સુધી પહોંચી ગયા બાદ આજે સુરજદાદાનો મિજાજ વધુ ઉગ્ર બન્યો હતો. ગરમીએ એક સદી પુર્વેનો રેકર્ડ તોડી નાંખ્યો છે. વર્ષ ૧૯૧૬માં રાજયમાં મહત્તમ તાપમાન ૪૭.૮ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે એક સદીના અંતે આજે ગરમીનો પારો ૪૮ ડી ગ્રી એ પહોંચી જતા સદીની વિક્રમજનક ગરમી નોંધાઈ હોવાનુ પણ હવામાન વિભાગે જણાંવ્યુ છે.આકાશમાંથી અગ્નજવાળ વરસતા શહેરમાં સુનકાર યથાવત

● અનુસંધાન પાન-૭ પર

### રાત્રિ તાપમાનમાં પણ ગાંધીનગર સૌથી હોટ

સમગ્ર રાજયમાં કાળઝાળ ગરમીનુ મોજુ ફરિ વળ્યુ છે. ત્યારે દિવસના મહત્તમ તાપમાનનો પારો ૪૮ ડી ગ્રી એ આંબી ગયો છે. આવા સંજોગોમાં દિવસની અસહ્ય ગરમી બાદ મોડી સાંજ અને રાત્રિના પણ નગરજનોને ગરમીમાંથી છુટકારો મળતો નથી. રાત્રિના સમયે પણ ગરમ લું ફુંકાતી હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. ત્યારે રાત્રિ તાપમાનના રેકર્ડમાં પણ ગાંધીનગર મોખરે હોવાનુ તાપમાનના પારાની હીલચાલ પરથી સ્પષ્ટ થયુ છે. રાત્રિના અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૩૦.૫ ડી ગ્રી નોંધાયુ હતુ જયારે ગાંધીનગરમાં રાત્રિ તાપમાન પણ ૩૧ ડી ગ્રીએ પહોંચી જતા સુરજ ઢળ્યા બાદ પણ ગરમી પીછો ન છોડતી હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે.

### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | મહત્તમ તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૪૮.૦ |
| ડિસા | ૪૮.૦ |
| ગાંધીનગર | ૪૮.૦ |
| કંડલા એરપોર્ટ | ૪૭.૭ |
| સુરેન્દ્રનગર | ૪૭.૫ |
| ઈડર | ૪૭.૨ |
| વીવીનગર | ૪૪.૬ |
| વડોદરા | ૪૩.૨ |
| સુરત | ૩૪.૨ |
| મહુવા | ૩૮.૪ |
| અમરેલી | ૪૬.૮ |
| ભાવનગર | ૩૯.૬ |
| પોરબંદર | ૩૬.૪ |
| રાજકોટ | ૪૬.૦ |
| ભુજ | ૪૪.૪ |
| કંડલા પોર્ટ | ૪૩.૬ |
| નલિયા | ૩૭.૪ |
| દિવ | ૪૨.૩ |




(તસવીર : દિપક જાની)

# ઈસનપુરમાં ગરમીથી મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે અસહ્ય ગરમીને કારણે એક મહિલાનું મોત થયું છે.

મળતી વિગતો પ્રમાણે ગીતાબેન રબારી નામની આ મહિલાનું ગરમીને કારણે મોત થયાના અહેવાલોથી સમગ્ર ચિલોડા પંથકમાં સન્નાટો છવાઈ જવા પામેલ છે.ગુરૂવારે દિવસ દરમિયાન શહેર-જિલ્લામાં ગરમીથી બેભાન થવાના નોંધપાત્ર બનાવો બન્યા હતા. મજુરીકામ કરતા મજુરો અને ખેતરના શ્રમિકોને ‘લુ’ લાગવાના બનાવોથી દોડધામ વધી હતી.










